# પૂર્વ વડાપ્રધાન વાજપેયી ભારત રત્નથી સન્માનિત

## રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પ્રોટોકોલથી દૂર રહીને સન્માનિત કર્યા : ભારત રત્ન પરંપરાગત રીતે રાષ્ટ્રપતિ ભવનમાં જ અપાય છે પરંતુ તબિયત સારી નહીં હોવાથી તેમના આવાસે સન્માન : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત

નવી દિલ્હી,તા. ૨૭

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ લોકોની ઉપસ્થિતિમાં કૃષ્ણ મેનન માર્ગ સ્થિત તેમના આવાસ પર જઇને દેશના સર્વોચ્ચ સમ્માન ભારત રત્નથી સમ્માનિત કર્યા હતા. ભારત રત્નનું સમ્માન પરંપરાગતરીતે રાષ્ટ્રપતિ ભવનમાં આપવામાં આવે છે પરંતુ બિમારીના પરિણામ સ્વરુપે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પ્રોટોકોલથી દૂર હટીને તેમના આવાસ ઉપર જઇને આ સન્માન આપ્યું હતું. વાજપેયી બિમારીના પરિણામ સ્વરુપે જાહેર જીવનમાં દેખાતા નથી. આ ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ગૃહમંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી તથા અન્ય કેબિનેટ પ્રધાનો



ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ ભવન તરફથી એક નાનકડા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, સંઘ પ્રમુખ મોહન ભાગવત પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, આ ઐતિહાસિક પ્રસંગે છે. મોદીએ ટ્વિટર પર કહ્યું હતું કે, ભારતવાસીઓ માટે આ ઐતિહાસિક દિવસ છે. મોદીએ રાષ્ટ્રપતિની પણ પ્રશંસા કરી હતી. મુખરજીના આ નિર્ણય પર મોદીએ કહ્યું હતું કે, આ ભાવના ગર્વને વધારે છે અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે ૨૪મી ડિસેમ્બરના દિવસે આખરે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વારાણસી હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક મદન મોહન માલવીયને ભારત રત્ન આપવાનો નિર્ણય કર્યો હતો. આની સાથે જ છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આ ઉપરાંત ભાજપ દ્વારા લાંબા સમયથી કરવામાં આવેલી માંગણીને પણ સ્વિકારી લેવામાં આવી હતી. ૨૪મી ડિસેમ્બરે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેબિનેટની બેઠક બાદ વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભારત રત્ન આપવા સાથે સંબંધિત ભલામણ રાષ્ટ્રપતિને મોકલી હતી. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં વાજપેયી અને માલવિયને દેશના સૌથી મોટા નાગરિક સમ્માન ભારત રત્નથી સન્માનિત કરવાનો નિર્ણય કરાયો હતો. ૪૩ લોકોને ભારત રત્નથી આ એવોર્ડની શરૂઆત કરાયા બાદથી સન્માનિત કરાયા છે. જેમાં વૈજ્ઞાનિક સીવી રામન, ક્રિકેટર સચિન તેંડુલકર, ગાયિકા લતા મંગેશકર, રાજકારણી રાજગોપાલાચારીનો સમાવેશ થાય છે.

વાજપેયીની સાથે સાથે વારાણસી હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક મદન મોહન માલવીયને પણ ભારત રત્ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હજુ સુધી કુલ ૪૩ લોકોને ભારત રત્ન આપવામાં આવ્યા છે. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે જન્મેલા વાજપેયી ભારતીય રાજકારણના સર્વોચ્ચ નેતા પૈકીના એક તરીકે રહ્યા છે. તેમના શાનદાર શાસનની આજે પણ નોંધ લેવામાં આવે છે.સૌથી પહેલા વર્ષ ૧૯૯૬માં તેમની સરકાર માત્ર ૧૩ દિવસ સુધી ચાલી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૪ સુધી તેઓ દેશના વડાપ્રધાન તરીકે રહ્યા હતા. સંપૂર્ણ પાંચ વર્ષ સુધી દેશના વડાપ્રધાન તરીકે રહેનાર તેઓ કોંગ્રેસ સિવાયની પાર્ટીના પ્રથમ વડાપ્રધાન હતા. આશરે ચાર દશકોથી તેઓ

એક સંસદ સભ્ય તરીકે રહ્યા હતા. વાજપેયી નવ વખત લોકસભા અથવા તો નીચલા ગૃહ માટે ચૂટાઇ આવ્યા હતા. તેઓ ઉત્તરપ્રદેશના લખનૌમાંતી સંસદ સભ્ય તરીકે રહ્યા હતા. વર્ષ ૨૦૦૯ સુધી સભ્ય તરીકે હતા. ત્યારબાદ તેઓ સક્રિય રાજકારણમાંથી આરોગ્યના કારણે નિવૃત થઇ ગયા હતા. વાજપેયીને ભાજપના સ્થાપક સભ્યો પૈકી એક તરીકે ગણવામાં આવે છે. મોરારજી દેસાઇ કેબિનેટમાં તેઓ વિદેશ પ્રધાન તરીકે રહ્યા હતા. જ્યારે જનતા સરકારનુ પતન થયુ ંત્યારે વાજપેયીએ વર્ષ ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટી તરીકે જનસંઘની ફેરરચના કરી હતી. વાજપેયીના જન્મદિવસને સરકાર દ્વારા ગુડ ગવર્ન્સ અથવા તો સુશાસન દિવસ તરીકે મનાવવા માટેની જાહેરાત કરી ચુકી છે. વાજપેયીને કરિશ્માવાળા નેતા તરીકે ગણવામાં આવે છે. વાજપેયી કેટલાક સાહસ માટે પણ જાણિતા રહ્યા છે. ૧૯૯૯ની ઐતિહાસિક લાહોર બસ યાત્રા તેમાં સામેલ છે.


# સેટેલાઇટ IRNSS-1ડીને આજે લોંચ કરાશે

## આંધ્રપ્રદેશમાં હરિકોટા રોકેટ પોર્ટ પર કાઉન્ટ ડાઉન : ભારતના ચોથા નેવિગેશન સેટેલાઇટને લઈને ભારે ઉત્સુકતા : સિસ્ટમ મુકાયા બાદ ભારતને અન્ય પ્લેટફોર્મ પર આધાર રાખવા જરૂર પડશે નહીં : ઈસરો

નવી દિલ્હી,તા. ૨૭

વૈજ્ઞાનિક સમુદાયમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ઇસરોના ચોથા નેવિગેશન સેટેલાઇટ આઇઆરએનએસએસ-૧ડીને આવતીકાલે શનિવારે લોંચ કરવામાં આવનાર છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો) દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ચોથા નેવિગેશન સેટેલાઇટને લોંચ કરવા માટેનુ કાઉન્ટ ડાઉન ગઇકાલે શરૂ કરવામાં આવ્યું હતુ. આ કાઉન્ટડાઉન ૫૯ કલાકથી વધારે સમયનુ છે. ઇસરો દ્વારા ફેસબુક પેજ પર આ અંગેની જાહેરાત કરી દેવામાંઆવી છે. પીએસએલવી-સીર૭-આઈઆરએનએસએસ-૧ડી મિશન માટેનુ કાઉન્ટ ડાઉન ચાલી રહ્યુ ંછે. આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટા રોકેટ પોર્ટ પર તમામ વૈજ્ઞાનિકો પરિસ્થિતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. રોકેટને આવતીકાલે સાંજે ૫.૨૦વાગે રવાના કરવામાં આવશે. તે ૧૪૨૫ કિલોગ્રામના આઇઆરએન એસએસ-૧ડીને પરિભ્રમણ કક્ષામાં મુકી દેશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સેટેલાઇટને નવમી માર્ચના દિવસે લોંચ કરવાની યોજના હતી પરંતુ તેના ટ્રાન્સમિશન પૈકીના એકમાં ખામી સર્જાતા લોંચ કાર્યક્રમને મોકુફ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભારતે હજુ સુધી ત્રણ પ્રાદેશિક નેવિગેશન સેટેલાઇટ લોંચ કર્યા છે. દેશભરમાં યુઝરોને માહિતી આપવા માટે કુલ સાત સેટેલાઇટ લોંચ કરવામાં આવનાર છે જે પૈકી હજુ સુધી ત્રણ નેવિગેશન સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા છે અને હવે ચોથા સેટેલાઇટને લોંચ કરવામાં આવનાર છે. જો કે ફુલ

સિસ્ટમ નવ સેટેલાઇટની રહી છે. દરેક સેટેલાઇટ પર ખર્ત ૧૫૦ કરોડની આસપાસ છે. જ્યારે પીએસએલવી-એક્સએલ વર્ઝન રોકેટ પર ખર્ચ ૧૩૦ કરોડ છે. સાત રોકેટ પર ખર્ચની રકમ ૯૧૦ કરોડની આસપાસ રહી શકી છે. સમગ્ર આઇઆરએનએસએસ પ્રક્રિયાને આ વર્ષે જ પૂર્ણ કરવામાં આવનાર છે. ઇસરોના વૈજ્ઞાનિકો તમામ પરિબળો પર ચાંપતી નજર રાખી રહ્યા છે. આઇઆરએનએસએસ-૧એ સેટેલાઇટ જુલાઈ ૨૦૧૩માં લોંચ કરવામાં આવ્યું હતું જ્યારે એપ્રિલ ૨૦૧૪માં આઈઆરએનએસએસ ૧બી લોન્ચ કરવામાં આવ્યું હતું જ્યારે ઓક્ટોબર ૨૦૧૪માં ત્રીજા



નેવિગેશન સેટેલાઇટને લોંચ કરવામાં સફળતા મળી હતી. હવે ચોથા નેવિગેશન સેટેલાઇટને લોંચ કરવાની તૈયારી ચાલી રહી છે. એક વખતે ક્ષેત્રિય નેવિગેશન સિસ્ટમ સ્થાપિત થઇ ગયા બાદ ભારતને અન્ય પ્લેટફોર્મ પર આધાર રાખવાની જરૂર પડશે નહીં.

# સબસિડીવાળા ગેસ સિલિન્ડર સરેન્ડર કરવાથી ૧૦૦ કરોડ રૂપિયાની બચત

## ૨.૮૦ લાખ લોકો સિલિન્ડર સરેન્ડર કરી ચુક્યા છે ગરીબોના કલ્યાણ માટે રકમનો ઉપયોગ કરાશે : મોદી

નવીદિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમીર લોકોને સબસિડીવાળા ગેસ સિલિન્ડર છોડી દેવા અપીલ કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તેમની સરકાર ૨૦૨૨ સુધી ૧૦ ટકા સુધી એનર્જી આયાત ઉપર તેના આધારને ઘટાડી દેવામાં સફળ રહેશે. આગામી ચાર વર્ષના ગાળામાં હાલ ૨૭ લાખથી એક કરોડ પરિવારોને પાઇપથી ગેસ કનેક્શન આપવાની ઓઇલ કંપનીની યોજનાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ૨.૮ લાખ કન્ઝયુમરો દ્વારા એલપીજી સબસિડી સેરેન્ડર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનાથી ૧૦૦ કરોડ રૂપિયાની બચત થશે. ઉર્જા સંગમ ખાતે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, એલપીજી સબસિડી છોડવા અંગે તેઓએ નાનકડી પહેલ કરી હતી અને ૨.૮૦ લાખ લોકોએ હકારાત્મક જવાબ આપ્યો છે. આનાથી ૧૦૦ કરોડ રૂપિયાની બચત થશે. આ ૧૦૦ કરોડ રૂપિયાનો ઉપયોગ ગરીબ લોકોના કલ્યાણ માટે કરવામાં આવશે. સરકાર ગેસ માટે બીબીટીની નવી સ્કીમ શરૂ કરી ચુકી છે. ઘણા લોકો સબસિડીવાળી સ્કીમમાંથી બહાર નિકળી ગયા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જનધન સ્કીમ હેઠળ ૧૨ કરોડ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. આનો ઉપયોગ ગ્રાહકોને સીધીરીતે સબસિડી ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવશે. આનાથી લીકેજની તકલીફ દૂર થશે. સાથે સાથે ભ્રષ્ટાચારની સમસ્યાને રોકી શકાશે. ભ્રષ્ટાચાર સામે લડવા સંસ્થાકીય વ્યવસ્થા, પારદર્શક વ્યવસ્થા અને પોલિસી યોગ્યરીતે મુકાશે તો ફાયદો થશે. એનર્જી આયાત ઉપર ભારત ૭૭ ટકા આધાર રાખે છે. આને ૧૦ ટકા સુધી ઘટાડવામાં આવશે. ૨૦૨૨માં ભારત સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરશે.

# અન્ય સાત રાજ્યોમાં ભાજપની મજબૂત સ્થિતિ માટે તૈયારી

નવી દિલ્હી,તા. ૨૭

ગયા વર્ષે લોકસભાની ચૂંટણીમાં ઈતિહાસ સર્જીને પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવી લીધા બાદ હવે કેન્દ્રમાં મોદી સરકાર છે ત્યારે ભાજપ પ્રમુખ અમિત શાહે જે રાજ્યોમાં હજુ સુધી કમળ નતી તે રાજ્યોમાં હવે કમળ ખિલાલવા માટે તૈયારી કરી લીધી છે. કેન્દ્રમાં બહુમતિની સરકાર હોવાથી આને સુવર્ણ તક તરીકે ઉપયોગ કરવા શાહે હિલચાલ હાથ ધરી છે. અમિત શાહે જ્યા ભાજપની સ્થિતી નબળી છે તેમાં સુધારો લાવવા માટે તેમની રણનિતીના ભાગરૂપે સાત રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોના નેતાઓ સાથે વાતચીત શરૂ કરી દીધી છે. પાર્ટી માટે મેમ્બરશીપ ઝુંબેશ હાલ ચરમસીમા પર પહોંચી ગઈ છે. ગુરૂવારના દિવસે આઠ કરોડ અને સાત લાખ સુધી આંકડો પહોંચી ગયો



હતો. શાહે કેરળ, તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ અને ઓરિસ્સાના નેતાઓ સાથે રાજ્યવ્યાપી બેઠકો શરૂ કરી દીધી છે. તેલંગાણા અને આંધ્રપ્રદેશના રાજ્ય એકમના નેતાઓ સાથે પણ વાતચીત શરૂ કરવામાં આવી છે. આ તમામ રાજ્યોમાં આગામી સમયમાં ભાજપની સ્થિતી મજબુત બને અને ચૂંટણીમાં સારો દેખાવ થાય તે માટે નિતી તૈયાર થઇ ચુકી છે. આગામી વર્ષે પશ્ચિમ બંગાળ અને કેરળમાં વિધાનસભાની ચૂટણી યોજાનાર છે ત્યારે ભાજપની કેન્દ્રિય નેતાગીરીએ કમર કસી લીધી છે. આ બન્ને રાજ્યોમાં તૃણમૂળ કોંગ્રેસ અને ડાબેરી પક્ષોની થઇ રહેલી પડતીનો હવે લાભ લેવા માટે અને હાલ ઉભી થયેલી સ્થિતીનો ફાયદો ઉઠાવવા માટે સંબંધિત રાજ્યોના એકમોને જોરદાર લોકલક્ષી કામ કરવા માટે કહેવામાં આવ્યું છે. બન્ને રાજ્યોમાં જોરદાર સ્થિતી રહી શકે છે. ભાજપ તેની સ્થિતીને સુધારી શકે છે.

## મનમોહનસિંહની અરજી ઉપર પહેલીએ સુનાવણી

નવીદિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટ ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની અરજી ઉપર પહેલી એપ્રિલના દિવસે સુનાવણી હાથ ધરનાર છે. કુમાર મંગલમ બિરલાની માલિકીના હિન્ડાલ્કોને તાલાબીરા-૨ કોલસા બ્લોકની ફાળવણીના સંબંધમાં ખાસ અદાલત દ્વારા તેમની સામે જારી કરવામાં આવેલા સમન્સને પડકાર ફેંકીને મનમોહનસિંહે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાનની અરજી પર હવે પહેલીએ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આજે પણ આ મામલો હાથ ધરવામાં આવ્યો હતો. મનમોહનસિંહ તરફથી વકીલે કહ્યું હતું કે, પહેલી એપ્રિલના દિવસે સુનાવણી કરાશે.

# હિટ એન્ડ રન કેસ મામલે સલમાને નિવેદનની નોંધણી કરાવી છે

## તેની સામે નોંધાયેલું નિવેદન ખોટુ : સલમાન : બનાવના દિવસે તેના ડ્રાયવર પોલીસ સ્ટેશનમાં પણ ગયા હતા પરંતુ નિવેદન લેવાયું ન હતું : નશામાં હોવાનો ઈન્કાર

મુંબઈ, તા.૨૭

હિટ એન્ડ રન કેસમાં મુશ્કેલીનો સામનો કરી રહેલા બોલીવુડ સ્ટાર સલમાન ખાને આજે કોર્ટમાં કહ્યું હતું કે, તેની સામે નોંધવામાં આવેલા નિવેદન ખોટા છે. તેના ડ્રાયવર અશોકસિંહ પોલીસ સ્ટેશનમાં ગયા હતા. તેઓ ડ્રાયવિંગ કરી રહ્યા હતા. પોલીસે અશોકનું નિવેદન નોંધ્યું ન હતું. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે, કેમિકલ એનાલીસર બાલા શંકર કોઇપણ પ્રક્રિયાથી વાકેફ ન હતા. બનાવના દિવસે તે કોઇપણ પ્રકારના શરાબના નશામાં ન હતો. આ કેસની સુનાવણી દરમિયાન બોલીવુડ સુપર સ્ટાર સલમાન ખાને ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં તેના નિવેદનની નોંધણી દરમિયાન મિડિયા ઉપર પ્રતિબંધ મુકવાની અરજી કરી હતી પરંતુ આ અરજીને ફગાવી દેવામાં આવી હતી. જજ દેશપાંડેએ અરજીને ફગાવી દીધી હતી પરંતુ સલમાનનું સમગ્ર નિવેદન નોંધવામાં આવ્યા બાદ જ મિડિયામાં અહેવાલ આપવા સૂચના આપવામાં આવી હતી. આ મામલામાં કોઇપણ પ્રકારના અભિપ્રાયથી દૂર રહેવા મિડિયાને સૂચના આપવામાં આવી હતી. અગાઉ સલમાન ખાન સવારે ૧૧ વાગે પોતાના નિવેદનની નોંધણી કરાવવા મુંબઇ સેશન કોર્ટમાં પહોંચ્યો હતો. આ કેસ સાથે સંબંધિત ઘટનાઓ અંગે નિવેદન નોંધવા માટે તે પહોંચ્યો હતો. આ બનાવમાં એકનું મોત થયું હતું અને ચાર લોકો ઘાયલ થયા હતા. ૨૦૦૨માં હિટ એન્ડ રન કેસને લઇને સલમાન ખાન ઘણી બધી કાયદાકીય ગૂંચનો સામનો કરી રહ્યો છે. અભિનેતાને તેનું નિવેદન નોંધવા દેશપાંડે સમક્ષ ઉપસ્થિત થવા કહેવામાં આવ્યું હતું. કેસમાં અંતિમ દલીલોની સુનાવણી ચાલી રહી છે. આ સપ્તાહની શરૂઆતમાં પ્રોસીક્યુટર પ્રદિપ દ્વારા દલીલો પૂર્ણ કરી લેવામાં આવી હતી. દેશપાંડેએ બુધવારે સલમાનના વકીલની અરજીને ફગાવી દીધી હતી.

## ભારત વતી શિખર ધવને સૌથી વધુ ૪૧૨ રન કર્યા

સિડની,તા. ૨૭

વર્લ્ડ કપ ક્રિકેટમાં ભારતીય ટીમ હવે બહાર થઇ ચુકી છે. ફાઇનલ મેચ હવે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનાર છે. આ ફાઇનલ મેચ ૨૯મી માર્ચના દિવસે રમાશે. વર્લ્ડ કપમાં શરૂઆતની તેની તમામ સાત મેચો જીતીને ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમે જોરદાર આશા જગાવી હતી અને એમ માનવામાં આવી રહ્યું હતું કે ભારત વર્લ્ડ કપમાં આ વખતે પણ ચેમ્પિયન બનશે. કારણ કે ટોપ ઓર્ડરના ખેલાડીઓ ફોર્મમાં દેખાઇ રહ્યા હતા. જો કે નિર્ણાયક સેમીફાઇનલ મેચમાં જ ભારતની ઓસ્ટ્રેલિયા સામે હાર થઇ હતી. સેમીફાઇનલ મેચમાં જ ભારતીય બેટ્સમેનો લાંબી ઈનિગ્સ રમી શક્યા ન હતા. વર્લ્ડ કપમાં ભારત તરફથી શખર ધવને સૌથી વધારે ૪૧૨ રન કર્યા હતા.

# ૭૦૦ આઈલેન્ડ ટ્યુરિઝમ, બોલિવુડના માટે વિકસાવાશે

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર ભારતભરમાં આવેલા ૭૦૦ આઈલેન્ડને હવે ટ્યુરિઝમ, બોલિવુડ, મનોરંજન પ્રવૃતિઓ અને અન્ય સુવિધા માટે વિકસિત કરવાની તૈયારી કરી ચુકી છે. હનીમુન સ્થળ અને મેરીટાઇમ સિક્યુરિટી માટે પણ આ આઈલેન્ડનો ઉપયોગ કરવામાં આવનાર છે. બિન પરંપરાગત એર્જી બન્ને વિન્ડ અને સોલાર માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ સ્કીમ મહત્વકાંક્ષી સાગરમાલા પ્રોજેક્ટના ભાગરૂપે રહેશે. કેબિનેટની બેઠકમાં વિચારધારાની નોંધને લીલીઝંડી આપી દેવામાં આવ્યા બાદ હવે ઝડપથી કામ શરૂ કરવામાં આવશે. મહાકાય પ્રોજેક્ટને હાથ ધરવા અને તેને અમલી કરવા માટે ટુંક સમયમાં નવી રૂપરેખા તૈયાર કરી લેવામાં આવશે. મોદી સરકાર આ પ્રોજેક્ટને ફરી સજીવન કરવા માંગે છે. મુળભુતરીતે સાગરમાલા પ્રોજેક્ટની રૂપરેખા તેમના છેલ્લા ગાળા દરમિયાન અટલ બિહારી વાજપેયી દ્વારા રજૂ કરવામાં આવી હતી. શિપિગ પ્રધાન નિતિન ગડકરીએ કહ્યું છે કે અમારી પાસે કુલ ૧૨૦૮ આઈલેન્ડ છે જે પૈકી ૧૮૫ લાઇટ હાઉસ છે. આ તમામને ટ્યુરિઝમ પ્રવૃતિ માટે વિકસિત કરવામાં આવશે. હવે ફિઝિબિલિટી અભ્યાસની પ્રવૃતિ હાથ ધરવામાં આવનાર છે. બીજી બાજુ સુત્રોએ કહ્યું છે કે આવી કોઇ પણ યોજના સાથે આગળ વધતા પહેલા સરકાર પર્યાવરણ પર તેની અસરને પણ ધ્યાનમાં લે તે ખુબ જરૂરી છે. આઇલેન્ડની નજીક રહેતા મોટી સંખ્યામાં આદિવાસી લોકોને કોઇ તકલીફ ન થાય અને તેમના પર કોઇ પ્રતિકુળ અ,સર ન થાય તેનો મુખ્ય હેતુ રહેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આ પ્રોજેક્ટમાં રસ લઇ રહ્યા છે. ટ્યુરિઝમની મોદીએ વારંવાર વાત કરી છે. ૧૯મી ડિસેમ્બરના દિવસે આ સંબંધમાં ઇન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટો અંગે સમીક્ષા બેઠક યોજી હતી. ગડકરીએ હાલમાં કહ્યું હતું કે ઓછામાં ઓછા ૧૨ સ્માર્ટ શહેરો અને કેટલાક ઈકોનોમિક ઝોન પર સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ વિકસિત કરાશે.

# હવે મોબાઈલ યુઝર્સ બિલોમાં ૧૦થી ૧૫ ટકાના વધારાની સંભાવના

## સામાન્ય નાગરિકો ઉપર બોજ ઝીંકવા કંપનીઓ તૈયાર : સ્પેક્ટ્રમ હરાજીમાં ટેલિકોમ કંપનીઓ દ્વારા ૧.૧૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયા બાદ ફોનના બિલ વધી જશે

નવી દિલ્હી,તા. ૨૭

આવનાર મહિનાઓમાં મોબાઈલ યુઝર્સના ફોન બિલમાં ૧૦થી ૧૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. સ્પેક્ટ્રમ હરાજીમાં ટેલિકોમ કંપનીઓ દ્વારા આશરે ૧.૧૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે અને જાણકાર લોકોનું કહેવું છે કે, કંપનીઓ આ ખર્ચને કોલ રેટમાં વધારો કરીને રિકવર કરવા માંગે છે. જીએસએમ ઓપરેટર્સના ઈન્ડસ્ટ્રી બોડી સીઓએઆઈના ડિરેક્ટર જનરલ રાજન મેથ્યુસે કહ્યું છે કે, ટેરિફમાં ૧૦થી ૧૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. સ્પેક્ટ્રમની હરાજીનો હેતુ વધારે નાણા એકત્રિત કરવાનો રહ્યો હતો પરંતુ આનાથી ચોક્કસપણે કોલ રેટ અને ડેટા ટેરિફમાં વધારો થઇ શકે છે. કેટલાક જાણકાર લોકો તો કહે છે કે, ટેરિફમાં ૧૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે.આવી સ્થિતિમાં ટેલિકોમ ઈન્ડસ્ટ્રીની વાર્ષિક મહેસુલી રકમ ૩૦ અબજ ડોલરથી વધીને ૩૪.૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે.

જાણકાર લોકોનું કહેવું છે કે, આમા છ મહિના સુધીનો સમય લાગી શકે છે. ચારેય મોટી કંપનીઓ આઇડિયા સેલ્યુલર, વોડાફોન, ભારતી એરટેલ અને રિલાયન્સ કોમ્યુનિકેશન પહેલાથી જ પોતાના નેટવર્ક ઉપર ડિસ્કાઉન્ટને ખતમ કરવાની જાહેરાત કરી ચુકી છે. હરાજીથી ટેલિકોમ ઈન્ડસ્ટ્રી ઉપર બોજ વધશે. આવી સ્થિતિમાં લોકો પાસેથી વધુ રકમ એકત્રિત કરવામાં આવશે. ટેલિકોમ સેક્ટરના ટોટલ રેવેન્યુમાં વોઈસ કોલની હિસ્સેદારી ૭૫ ટકા રહી છે. ટેલિકોમ કંપની હાલમાં ડેટા ટેરિફમાં વધારો કરવાની સ્થિતિમાં દેખાઈ રહી નથી.

ભારતમાં હજુ પણ મોબાઈલ ઈન્ટરનેટ શરૂઆતના તબક્કામાં છે. આવી સ્થિતિમાં જંગી વધારાથી નુકસાન થઇ શકે છે. મોટી કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. વોડાફોને આશેર ૩૦૦૦૦ કરોડ રકમ ચુકવી છે જે ભારતી એરટેલ અને આઈડિયા સેલ્યુલર સમકક્ષ છે. રિલાયન્સ કોમ્યુનિકેશન આ સ્પેક્ટ્રમ ખર્ચની રકમ ૫૦૦૦ કરોડ રૂપિયા રહી છે.

## એમેઝોન ઘરવખરીની ચીજો ઓનલાઈન વેચશે

નવીદિલ્હી,તા. ૨૭

એમેઝોન ઈન્ડિયા દ્વારા હવે ઘરવખરીની ચીજવસ્તુઓ ઓનલાઈન વેચવાની શરૂઆત કરી દીધી છે. એમેઝોને કિરાણા નાવ સર્વિસ લોન્ચ કરી દીધી છે જેના મારફતે દરરોજ ઉપયોગ કરવામાં આવતી ચીજવસ્તુઓ પણ ઓનલાઈન મળી શકશે અને ઝડપથી તેની ડિલિવરી પણ થશે. ઈમેઈલ પર મોકલવામાં આવેલા એક નિવેદનમાં એમેઝોનના પ્રવક્તાએ કહ્યું છે કે, અમે સતત ભારતીયોના ખરીદદારી અને વેચવા માટેના તરીકામાં સંતુલન જાળવવાના પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય કસ્ટમરો કોઈપણ સમયે કોઈપણ જગ્યાએ સસ્તી કિંમતો દરેક ચીજવસ્તુઓ મેળવી શકે તેનો છે. સરળતાથી તેની ડિલિવરી પણ મળે તેનો હેતુ રાખવામાં આવ્યો છે. ભારતના કેટલાક નાના અને મધ્યમ કક્ષાના વિસ્તારોને વિકસિત કરવામાં આવશે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં સ્વાઈન ફ્લ્યુ સંપૂર્ણ કાબુમાં નવા કેસો ઘટયા.
- જસદણમાં ભાજપના ઉપપ્રમુખની હત્યાથી જસદણમાં બંધ પળાયો.
- ભરૂતમાં જમાદારના નબીરાએ મજૂરની હત્યા કરી.
- બોટાદમાં હળવો આંચકો, કચ્છમાં ૭ વખત ધરા ધ્રુજી. હવામાનમાં પલ્ટો.
- હરિયાણાની ઘટના. દાનમાં મળેલા ૨૦૦૦ ચક્ષુઓ કચરા ટોપલીમાંથી મળ્યા.
- ઓનલાઈન ખરીદી વધુ સરળ બનશે.
- દેશના બંદરો રેલવે દ્વારા જોડાશે તથા જળમાર્ગો વિકસાવવા કેન્દ્રની મંજુરી.
- વાહનવેરો નહીં ભરનારાઓ સામે પોલીસ કેસ થશે.
- લોકોમાં ડિપ્રેશનની તકલીફમાં સતત વધારો થઇ રહ્યો છે.